॥ श्रीमद्वल्लभविट्ठलेशौ विजयेते ॥

જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પ્રતિપાદિત વિવેકધૈર્યાશ્રયગ્રન્થના અન્તર્ગત

ધૈર્ય

નો પ્રકાર

લેખિકા :

પૂ.અ.સૌ. શ્રીવ્રજલતાવહુજી – વડોદરા

धैर्यं तु विनिरूप्यते ॥
त्रिदुःखसहनं धैर्यमामृतेः सर्वतः सदा ।
तक्रवद् देहवद् भाव्यं जडवद् गोपभार्यवत् ॥
प्रतीकारो यदृच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत् ।
भार्यादीनां तथान्येषामसतश्चाक्रमं सहेत् ॥
स्वयमिन्द्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् ।
अशूरेणापि कर्तव्यं स्वस्यासामर्थ्यभावनात् ॥
अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेत् ।
एतत् सहनमत्रोक्तम्........... ॥

(શ્રીવલ્લભાચાર્યચરણ વિવેકધૈર્યાશ્રય ગ્રન્થ)

ભાવાર્થ - હવે ધૈર્યનું વિશેષરૂપે નિરૂપણ કરવામાં આવે છે। મરણપર્યન્ત સર્વ પ્રકારે નિરંતર ત્રણે પ્રકારના દુઃખો સહન કરવાએ ધૈર્ય છે, (તે દુઃખો સહન કરવામાં) છાશની માફક, દેહની માફક, જડ (જડભરત) ની માફક, ગોવાળની પત્ની (ગોપી) ની માફક ભાવન કરવું ॥ દૈવવશ (અથવા ભગવદ્ ઈચ્છાએ) (દુઃખોનો) પ્રતિકાર (વિના પ્રયત્ને) થઈ જતો હોય તો ત્યારે (સહન કરવાના) આગ્રહવાળા નહિં થવું, પત્ની વગેરે તેમજ અન્યોનાં અને અસત્ પુરુષોનાં (તિરસ્કાર-પીડા આપવી વગેરે) આક્રમણને સહન કરવું ॥ સ્વયં (પણ) (ભગવત્સેવા - ભક્તિમાં ઉપયોગ ન હોય તેવા) ઈન્દ્રિયોના કાર્યોને કાયા-વાણી અને મનથી ત્યાગવા, જે લોકો (પોતાનો સ્વભાવ જીતવામાં કે ઈન્દ્રિયોને જીતવામાં અસમર્થ) અશૂર છે તેવા લોકોએ પણ પોતાનામાં અસમર્થતાની ભાવના કરીને પણ તેવા ઈન્દ્રિયકાર્યોનો ત્યાગ કરવો ॥ (છેવટે જો પોતાનાથી કંઈ પણ ઉપર મુજબ કરવું શક્ય ન બને ત્યારે પણ) અશક્ય સ્થિતિમાં પણ ભગવાન્ - શ્રીહરિ - શ્રીકૃષ્ણ છે તેમ ભગવાનના શરણનું ભાવન કરવું, ભગવાનના આશ્રયથી સર્વ કંઈ સિદ્ધ થાય છે ॥ અહીં સુધીમાં ધૈર્યનું નિરૂપણ કરવામાં આવ્યું .... ॥

सर्वं सहेत परुषं सर्वेषां कृष्णभावनात् ।

(શ્રીવલ્લભાચાર્યજી - સર્વનિર્ણય નિબંધ)

આપણે ઈશ્વરના અસ્તિત્વમાં વિશ્વાસ ધરાવીએ છીએ. ઈશ્વરની અતુલિત શક્તિઓમાં પણ વિશ્વાસ રાખીએ છીએ, તેમ છતાં પણ એ સવાલ બન્યો જ રહે છે કે શું ખરેખર આપણે ઈશ્વર પર વિશ્વાસ કરીએ છીએ ? યદિ હા કરીએ છીએ, તો સવાલ એ સામે આવે છે કે તો પછી આપણને જીવનમાં આટલા દુઃખો કેમ છે ? પ્રાયઃ કરીને દુનિયામાં જોવામાં આવે છે કે એક સુખની પાછળ સો દુઃખ ઉઠાવવા પડતા હોય છે. યદિ રાજા છે તો પ્રજામાં અવ્યવસ્થા કેમ ? શું રાજામાં કંઈ કમી છે ? યા પછી રાજ્ય વ્યવસ્થામાં કોઈ ક્ષતિ છે ? યા પછી રાજ્ય કર્મચારિઓમાં કોઈ અનુશાસનહીનતા છે ? આખરે શું કારણ છે કે પ્રજા દુઃખી છે. આપણે બધા જ ઈશ્વરની પ્રજા છીએ, અતઃ ઈશ્વરના સુરાજ્યમાં રહેવાવાળા આપણે પ્રજાજનોને દુઃખ હોવું શક્ય નથી. છતાં પણ આપણે દુઃખી છીએ. શું આપણે માતા-પિતા વગરના યા સંરક્ષક વગરના અનાથ નાના બાળકો

છીએ કે પોતાના નાના પગમાં તાકાત વિના જ પૂરા જીવનનો ભાર આપણે વેઠવો પડે છે ? માતા-પિતાના રૂપમાં ઈશ્વર હોઈ પણ આપણે અનાથની માફક દુઃખો પર દુઃખો ઉઠાવી રહ્યા છીએ ?

આ પ્રશ્નનો ઉત્તર વિચારવામાં આવે તો આ પ્રશ્નમાંથી જ બીજો પ્રશ્ન સ્પષ્ટ સંભળાય છે કે આપણને સુખ કેમ નથી ? ખરેખર દુઃખ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી કિન્તુ સુખનો અભાવ જ દુઃખ છે. અતઃ સુખની લાલસા અને તેની સાથે સુખની કામના કરે છે. **‘सुखाय कर्माणि करोति लोकः’** શ્રીમદ્ભાગવતનું આ વાક્ય એ વાતને જ સ્વરિત કરે છે. બલ્કે મનની સંવેદનશીલતા જ મનુષ્યને પ્રકૃતિના સુખાનુભવ માટેના ઉપકરણના રૂપમાં મળેલી છે. પરન્તુ જેનો આદિ છે તેનો અન્ત પણ નિશ્ચિત જ છે અને આ પ્રકારે અન્તવાળા પ્રાકૃત યાવન્માત્ર પદાર્થ છે એના બે છોર-નાકા અવશ્ય છે. જે અનન્ત છે તે અસીમિત પણ છે અતઃ એની કોઈ સીમા જ નથી કિન્તુ જે સીમિત છે તેની પૂર્વ સીમા અને ઉત્તરસીમા હોવી જરૂરી છે. તેથી જ પ્રકૃતિમાં ઉત્પન્ન થનારી આદિ અને અન્તરૂપ બે સીમાઓને જ ભાષામાં દ્વન્દ્વ નામે જાણવામાં આવે છે. દિવસ-રાત, પ્રકાશ-અંધકાર, પુરુષ-સ્ત્રી, સારું - નરસું, ગરમ-ઠંડું, ગોરા-કાળા. આજ દ્વન્દ્વમાં અન્તવાળું પ્રાકૃત દ્વન્દ્વ રૂપ સુખ તે પણ સુખ અને દુઃખ રૂપમાં છે. ઉપનિષદોમાં સુખ શબ્દ પરમાત્મા વાચક છે અને પરમાત્મા અનન્ત અસીમિત છે, અપરિમિત છે, અનલ્પ છે. અતઃ એક સુખ એ છે જે આ દ્વન્દ્વરૂપ સુખથી ભિન્ન છે જે પરમાત્મરૂપ છે. આમ પ્રાકૃત સુખ અને પરમાત્મસુખ એમ સુખને બે ભેદે જાણવું જોઈએ. પરમાત્માની ઉપલબ્ધિ વિષયમાં ઉપનિષદ્ જણાવે છે કે **‘मनसैवेदमाप्तव्यम्’** આ બ્રહ્મ મન વડે જ ઉપલબ્ધ કરી શકાય છે. આ પ્રકારે સુખ કહો, આનન્દ કહો, પરબ્રહ્મ કહો યા પરમાત્મા કહો, એની ઉપલબ્ધિનું યા અનુભવનું જીવ પાસે જો કોઈ શ્રેષ્ઠ સાધન છે તો તે મન જ છે. પરમાત્માનો સુખ યા આનન્દ રૂપમાં અનુભવ કરવા માટે સંવેદનશીલ મન જ સાધન થઈ શકે છે. સંવેદનશીલતા ખોઈ ચુકેલું મન એ સુખ, એ આનન્દ નહિં ઉઠાવી શકશે, અતઃ એટલું તો નિશ્ચિત છે કે આપણા મનની સંવેદનશીલતા એ પરમાનન્દ પરમાત્માના અનુભવ અર્થે છે, નહિં કે દ્વન્દ્વાત્મક પ્રાકૃત સુખ-દુઃખોના અનુભવ અર્થે છે. મન પણ એ જ સુખ ચાહે છે જે દુઃખથી સમ્પૃક્ત ન હોય. અર્થાત્ દુઃખના દ્વન્દ્વવાળું જે સુખ છે તેવું સુખ મન નથી ચાહતું કિન્તુ બુદ્ધિ જ્યારે મનની ભાષા નથી સમજી શકતી ત્યારે તે મનોભિલષિત સુખનો આરોપ દ્વન્દ્વાત્મક સુખમાં કરી દે છે અને તેથી કરીને ઈન્દ્રિયો અને પ્રાણ એને જ - પ્રાકૃત સુખને જ શોધતા રહે છે અને તેથી જ જે પદાર્થો વડે મનનું તર્પણ કરવામાં આવે છે એ પદાર્થોની ક્ષણિકતા, ક્ષુદ્રતા, અલ્પતાના બરાબર ક્ષણિક બિન્દુ માત્ર સુખને અનુભૂત કરી પુનઃ તે મન અસન્તુષ્ટ જ બન્યુ રહે છે.

બુદ્ધિની આ નાસમજીથી જ મનુષ્યના મનમાં જે દોષ-વિકાર ઉત્પન્ન થાય છે એ દોષો પૈકી જ એક દોષનું નામ **અધીરવૃત્તિ** છે. બુદ્ધિમાં રહેલા સુખ-દુઃખના ભેદ જ મનને અધીર બનવામાં મહત્ત્વપૂર્ણ કારણ છે. ઈન્દ્રિયોના સહકારથી બુદ્ધિ જ્યારે મનને એમ સમજાવવામાં સફળ થઈ જાય છે કે આ સુખ છે અને આ દુઃખ છે, જેમકે ત્વગ્ ઈન્દ્રિયના સહકારથી બુદ્ધિએ મનને સમજાવી દીધું કે ગરમજળ એ સુખ છે અને શીતલજલ દુઃખ છે અથવા તો શીતલજલ સુખ છે અને ઉષ્ણજલ દુઃખ છે, ત્યારે એક જ પદાર્થમાં શીત-ઉષ્ણતા ભેદથી સુખ-દુઃખ એમ ઉભય વિષયને મન કલ્પી લે છે અને ત્યાર પછી તે - તે મુજબના પદાર્થ પ્રાપ્ત થતાં મન સુખ-દુઃખનો અનુભવ કરે છે. કોઈ વસ્તુ, વિષય યા પદાર્થને મન જ્યાં સુધી દુઃખ યા સુખના રૂપમાં સ્વીકાર નથી કરી લેતું ત્યાં સુધી તે વસ્તુ, વિશય કે પદાર્થ સુખ-દુઃખનો અનુભવ કરાવી શકતા નથી. અતઃ મનને સતત ચંચળ, વ્યગ્ર અશાન્ત બનાવી રાખનારી બુદ્ધિની કૃતિને મન દ્વારા અસ્વીકૃત કરાવવાને માટે શ્રીવલ્લભાચાર્યચરણ ઉપાય રૂપમાં જણાવે છે કે **‘त्रिदुःखसहनं धैर्यं आमृतेः सर्वतः सदा’** ત્રણે પ્રકારના આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક અથવા કાયિક, વાચિક, માનસિક અથવા કાલજ, કર્મજ, સ્વભાવજ ત્રણે પ્રકારના દુઃખોને આમરણાન્ત સર્વકાલમાં સહન કરો.

સહજ રીતે જ પ્રશ્ન થાય છે કે દુઃખો સહન કરવા એનો અર્થ શું ? કેમ કે આપણી ચારે તરફ જે કંઈ પણ ઘટશે તેમાં આપણને કોઈને કોઈ પ્રકારની અનુભૂતિ તો થવાની જ છે, પછી તે ચાહે સુખાનુભૂતિ હોય કે પછી દુઃખાનુભૂતિ

હોય. તો શું આપણે યોગ વિદ્યા વડે આપણાં મનને એવું પત્થર સમાન સંવેદનાશૂન્ય બનાવી દેવું કે જેમાં મનમાં કોઈ અનુભૂતિ જ શેષ રહેતી ન હોય ? મનની અનુભવશક્તિને નિરુદ્ધ યા કુંઠિત કરી દેવાનું નામ સહન કરવાનું તાત્પર્ય છે? અથવા તો બુદ્ધિમાં જ્ઞાનનો એ પ્રકાશ પ્રકટ થાય કે જેમાં સર્વત્ર સમતાનો ભાવ રહેલો હોય, તે પછી ચાહે વડવાનલ હોય યા મૂસળધાર વર્ષા હોય, રણ હોય કે પછી અરણ્ય હોય, સ્વજનનો સંયોગ હોય યા વિયોગ, જનપદ (વસ્તી) હોય યા નિર્જન સ્થળ હોય, સર્વત્ર સમતાનો ભાવ હોતાં દુઃખનો અનુભવ જ રહેતો નથી. શું આ પ્રકારે દુઃખોના અનુભવથી મુક્ત રહેવાનું નામ સહન કરવું છે? અથવા તો બેભાન થવાની દવા લઈને દુઃખોનો અનુભવ ન કરવો શું એનું નામ સહન કરવું છે ? અથવા તો લાચારી-મજબૂરીવશ પોતાના શક્તિ-સામર્થ્યના અભાવને કારણે લાચાર બની રહી દુઃખોનો અનુભવ કરવો એનું નામ સહન કરવું છે ?

આ બધા પ્રશ્નોના સમાધાનમાં - શ્રીવલ્લભાચાર્યજી જણાવે છે કે આપણી જે ચેતના છે, અનુભવશક્તિ છે, એ શક્તિ કુંઠિત કરવી જરૂરી નથી કિન્તુ એ અનુભવશક્તિને પરમાત્માના પરમાનન્દાનુભવ અર્થે સંવેદનશીલ બનાવી રાખવાની છે; પણ સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વના અનુભવથી તો ઉપર ઉઠવું જ પડશે. અતઃ પ્રાપ્ત થતાં સુખ-દુઃખોનો પ્રતીકાર કર્યા વિના અનુભવ કરવાનું નામ જ સહન કરવું છે. જીવનમાં ઘટતા વિવિધ પ્રસંગોને સુખ-દુઃખના રૂપમાં સ્વીકાર્યા વિના, સાથે જ એથી બચવાનો કોઈ માર્ગ શોધ્યા વિના, એ પ્રસંગોને જેવા છે તેવા જ સ્વીકારી લેવા, કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને જેમ છે તેમ સહી લેવી એ અપ્રતિકારવૃત્તિ છે. આ પ્રકારે સહન કરતાં-કરતાં (લાચારી વગેરેના ભાવોથી અલગ પરિસ્થિતિને તેનાં સ્વરૂપમાં સ્વીકારી લેવાની પદ્ધતિના પ્રકારે સહન કરતાં) સહન કરનારના મનોબળમાં એવી ચમત્કારિક અભિવૃદ્ધિ થશે કે વિપત્તિઓના પ્રસંગો આવતાં પણ વિપત્તિઓ વિપત્તિરૂપે પ્રતીત જ નહિં થશે અને મન સહજમાં જ એ આપત્તિઓથી સહનકર્તાને મુક્ત કરવા સમર્થ બની જશે. જો આપણે દુઃખોથી ભાગીશું તો આપણામાં કાયરતા ઉત્પન્ન થશે. કાયરવૃત્તિની ભર્ત્સના તો ભગવાન ગીતામાં ખૂબ જ ભાર પૂર્વક કરે છે, ભલે

આપણે શૂરવીર નથી તો કોઈ વાંધો નથી, પરન્તુ કાયરતા તો આપણામાં ન જ આવવી જોઈએ. જો આપણે દુઃખોથી દૂર ભાગીએ છીએ, ડરીએ છીએ યા દુઃખોને વિશેષ બલિષ્ઠ માની છીએ તો જ દુઃખોથી છુટવાના ઉપાયો કરવાનું આપણને સૂઝે છે. આવી અધીરતાની વૃત્તિ થકી જ મન ચંચળ બને છે એ આપણું માનસિક ચાંચલ્ય ભગવદાશ્રયભાવને હૃદયમાં સ્થિર થવા દેતું નથી.

જે સુખ-દુઃખની આપણે ચર્ચા કરી તે સુખ-દુઃખને સ્થૂલરૂપમાં ત્રણ પ્રકારે વિભક્ત કરી શકાય છે - (૧) આધિભૌતિક દુઃખ, (૨) આધ્યાત્મિક દુઃખ, (૩) આધિદૈવિક દુઃખ.

મન ઈન્દ્રિયો વડે જ્યારે ભૌતિક પદાર્થો સાથે સમ્બન્ધ કરે છે ત્યારે તે પદાર્થોના સમ્બન્ધથી ઉત્પન્ન થનારા જે સુખ-દુઃખ છે તે આધિભૌતિક સુખ-દુઃખ કહેવાય છે. દેહ વગેરેના સમ્બન્ધથી ઉત્પન્ન થનારા દ્વન્દ્વાત્મક સુખ-દુઃખ આધિભૌતિક પ્રકારના છે. અન્તઃકરણને અધિકરણ કરી ઉત્પન્ન થનારા તે આધ્યાત્મિક છે. અહીં આત્મા શબ્દ અન્તઃકરણવાચક છે. કામ વગેરેના કારણે ઉત્પન્ન થનારા ઈન્દ્રિય સમ્બન્ધી જે દુઃખ એ આધ્યાત્મિક કહેવયા છે. દેવતાઓ વગેરે શક્તિઓથી, ગ્રહ વગેરેની બાધાઓથી, આકસ્મિક-અકલ્પ્ય આપત્તિઓને આધિદૈવિક દુઃખ કહેવામાં આવે છે. જે દુઃખની ઉત્પત્તિમાં દુઃખનું કારણ શરીર ન હોય, મન ન હોય કિન્તુ દેવ વગેરે શક્તિઓ હોય તે આધિદૈવિક દુઃખ છે. અથવા દેવ એટલે ભગવાન એટલે કે **‘देवानां समूहः अधिदैवम्’** સમૂહરૂપે દેવો જેમના શ્રીવિગ્રહમાં અંગરૂપે છે એવા ભગવાન આધિદૈવમ્ - એ ભગવાનની વિશેષ ઈચ્છાવશ ઉત્પપન્ન થનારા યા પ્રાપ્ત થનારા સુખ-દુઃખો એ આધિદૈવિક કહેવાય છે અતઃ ભગવદિચ્છાથી ભગવત્પ્રાકટ્ય વગેરેમાં વિલમ્બાદિ દુઃખો થાય છે તે આધિદૈવિક દુઃખ છે.

શ્રીઆચાર્યચરણ વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં જણાવે છે કે ત્રણે પ્રકારના દુઃખો સહન કરવા, તો દુઃખો સહન કરવાના વિષયમાં કયો ઉપાય કરવો જોઈએ કે જેથી ધૈર્ય સિદ્ધ થાય. આ બાબત પર વિચારતાં સત્યવાત આ છે કે ધૈર્ય ધારણ કરવાની પ્રક્રિયા એ અન્તઃકરણ વડે જ -અન્તઃકરણમાં જ થાય છે ચાહે તે

સુખ-દુઃખનો પ્રકાર આધ્યાત્મિક હોય, આધિભૌતિક હોય કે પછી આધિદૈવિક હોય, પણ દુઃખ પણ મન વડે જ અનુભવાય છે અને સુખનો અનુભવ પણ મન વડે જ થાય છે, અતઃ સુખ-દુઃખને સહન કરવાના સાધનરૂપ જે મન-બુદ્ધિ છે તેમાં જે ભાવન-વિચાર હોય છે તેનું શું સ્વરૂપ હોવું જોઈએ કે બુદ્ધિમાં જે પ્રકારે વિચારવાથી કે મનમાં જે મુજબ ભાવન કરવાથી સિદ્ધ થનાર ધૈર્ય મન-બુદ્ધિમાં ભગવત્ શરણાગતિના ભાવને સિદ્ધ કરતું હોય, એ પ્રકાર શ્રીવલ્લભાચાર્યજી વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં ધૈર્યનું સ્વરૂપ અને ધૈર્ય ધારણ કરવાની રીતને વિશેષ પ્રકારે નિરૂપણ કરતાં જણાવે છે કે :-

આધિભૌતિક દુઃખમાં ધૈર્ય

तक्रवद् देहवद् भाव्यं जडवद्गोपभार्यवत् ।

(વિવેકધૈર્યાશ્રય-૬)

'तक्रवद् देहवता भाव्यम्' અર્થાત્ - દેહવાળાઓએ પોતાના દેહ વગેરેમાં અને દેહસમ્બન્ધીઓમાં તક્ર (છાશ) ના સમાન ભાવન કરવું. રાજાની ભાર્યા (સ્ત્રી)ના સમાન-છાશ ઢોળાઈ જતાં એનાં મનમાં જે ભાવન થયું તે મુજબની ભાવના પોતાના દેહમાં પણ કરવી જોઈએ. દેહવાળાઓએ દેહસમ્બન્ધી દુઃખ વગેરે સહન કરવાની બાબતમાં **'तक्रवत्'** એ દષ્ટાન્તમાં જે પ્રકારે પોતાના દેહનું પોષણરૂપ સાધન તક્ર-છાશ ઢોળાઈ જતાં અપ્રતિકારભાવનાથી દુઃખને સહન કર્યું. તે અવસરે કોઈ પ્રકારે શોક-સન્તાપ નહિં કર્યો, એજ પ્રકારને અપનાવવાનો નિર્દેશ શ્રીવલ્લભાચાર્યજી કરે છે. છાશ-તક્ર વાળી આખ્યાયિકા આ પ્રકારે પ્રસિદ્ધ છે :

हत्वा नृपं पतिमवेक्ष्य भुजङ्गंदष्ट्रं
देशान्तरे विधिवशाद् गणिकास्मि जाता ।
पुत्रं पतिं समधिगम्य चितां प्रविष्टा
शोचामि गोपगृहिणी कथमद्य तक्रम् ॥

એક ગરીબ પતિ-પત્ની હતા. પત્ની રૂપરૂપનો અંબાર હતી. એક દિવસ એક રાજાની પેલી સ્ત્રી પર નજર પડી અને સત્તાના જોરે રાજાએ પેલી સ્ત્રીને ઉઠાવી જઈ પોતાના નિવાસમાં રાખી. એક દિવસ સ્ત્રીએ પોતાના પતિને ગુપ્તસંદેશથી જણાવ્યું કે મોકો મળતાં હું ભાગીને આવી જઈશ તમે નક્કી કરેલી જગ્યાએ આવી ઉભા રહેજો. મોકો મળતાં સ્ત્રીએ પતિને સંકેત કર્યો કે વનમાં અમુક સ્થળે હું રાજાની હત્યા કરીને આવી જઈશ, એ અનુસાર એ પુરુષ વનમાં સ્ત્રીએ કહેલા સ્થળ પર પહોંચી ગયો, આ બાજુ સ્ત્રીએ જ્યારે રાજાને મૃત્યુને ઘાટ ઉતારી વનમાં પહોંચીને જોયું તો પેલો એનો પતિ-પુરુષ એને સર્પદંશ થઈને મરેલો પડ્યો હતો, રાણી પુરુષના શવને ત્યાં જ છોડી વનથી બહાર નીકળી દૂર કોઈ બીજા નગરમાં પહોંચી અને કેટલાક દિવસો આમ-તેમ ભટકતાં એનાં દુર્ભાગ્યથી એણે વેશ્યા બનવું પડ્યું. આમને આમ ઘણાં સમય પર્યન્ત વેશ્યાનો વ્યવસાય કરતાં-કરતાં અજ્ઞાનવશ નહિં જાણી શકવાને કારણે પોતાના જ પુત્ર સાથે ગ્રાહક સમજી સંભોગ કરી બેઠી, જ્યારે આ મહાપાપ થઈ ગયાની એને જાણ થઈ ત્યારે મનમાં ખૂબ જ પશ્ચાત્તાપ થઈને આ પાપવાળા શરીરનો જ નાશ કરવો અને જીવનલીલા સંકેલી લેવાના વિચારે જીવતા ચિતામાં પ્રવેશ કર્યો, ચિતાની ઉગ્ર જ્વાલાઓનો તાપ સહન ન થતાં ત્યાંથી ભાગતાં એક ગોપજાતિનો પુરુષ ભટકાઈ ગયો અને તેની પત્ની બનીને જીવવા લાગી અને છાશ વેચી જીવન નિર્વાહ કરવા લાગી. એક દિવસ કેટલીક ગોપપત્નીઓ સાથે એ પણ છાશ વેચવા જઈ રહી હતી તે વખતે કોઈક આકસ્મિક અચિન્ત્ય કારણોથી બધાના જ માટીના ઘડા જે છાશ વગેરે ભરેલા હતાં તે ફૂટી ગયા તેથી બધી જ સ્ત્રીઓ ઘણો જ શોક કરવા લાગી, પરન્તુ આ સ્ત્રી તો માત્ર હસતી જ રહી, આ મુજબ એને હસતાં જોઈ બીજી સ્ત્રીઓને ઘણું જ આશ્ચર્ય થયું અને બધાએ જ એને પૂછ્યું કે અમે બધાં તો શોક સાગરમાં ડૂબી ગયાં ને તને કોઈ દુઃખ કે ક્ષોભ થતો નથી ? બલ્કે તૂ તો હસી જ રહી છે ? તારી આજીવિકાનું - દેહપોષણનું સાધન નષ્ટ થઈ જતાં પણ તૂ કેમ કરીને હસી રહી છે ? ત્યારે એ સ્ત્રીએ ઉપર્યુક્ત શ્લોક મુજબનું પોતાનું સર્વ વૃત્તાન્ત સંભળાવતાં કહ્યું કે આટલું બધું નષ્ટ થયા પછી હવે હું કઈ વાતનું દુઃખ લગાડું ને શા અર્થે ક્ષોભ રાખું ?

આ આખ્યાયિકાથી એમ સ્પષ્ટ જાણી શકાય છે કે છાશ વેચવાવાળી સ્ત્રીની આજીવિકાનું સાધન નષ્ટ થઈ જતાં પણ એણે શોક-સન્તાપ કર્યો નહિં કિન્તુ અપ્રતિકારની ભાવના વડે દુઃખ સહન કર્યું. જીવન યાપન કરતાં અનેક પ્રકારના કષ્ટો આવે છે ને આવતા જ રહેવાના પણ છે તેથી સમ્પૂર્ણ જીવન રડી-રડીને કે લડી-લડીને પૂરું કરવું એમ ક્યાં સુધી કરતા રહીશું ? આધિભૌતિક સાધનો છિનવાઈ જાય - નષ્ટ થાય ત્યારે - ત્યારે પણ જેમ પેલી સ્ત્રીએ છાશ ઢોળાઈ જતાં પણ છાશ પ્રત્યે કોઈ મોહ દાખવ્યો નહિં અને એ પ્રત્યે માત્ર ઉદાસીન દષ્ટિકોણ જ અપનાવ્યું, તેમ પતિ, પુત્ર, સગા, સમ્બન્ધી, પોતાનો દેહ, ધન, ગૃહ વગેરે દરેકના સમ્બન્ધમાં **‘निजेच्छातः करिष्यति’ ‘પ્રભુ જે કરશે તે એમની ઈચ્છામુજબ કરશે અને તેમજ બધું થશે’** મુજબના દઢ વિચારના આધાર પર પ્રત્યેક દુઃખના પ્રસંગોએ **‘कथमद्य तक्रम्’ હવે છાશ માટે શું રડવું’** મુજબનું જ મનમાં ભાવન કરવું જોઈએ. આ પ્રકારે ન તો દુઃખોને દૂર કરવાના ઉપાય જ કરવા જોઈએ કે ન સામે ચાલીને દુઃખોને નિમન્ત્રણ જ આપવું જોઈએ કિન્તુ આવી પડેલા દુઃખોને પ્રતિકાર વિના સહન કરતાં પોતાની જાતને ભગવત્સેવા કે ભગવત્કાર્યમાં જ જોડી રાખવું જોઈએ, પણ ક્યારેય દુઃખોનું કોઈ પણ પ્રકારે ચિન્તન કરવું જોઈએ નહિં.

તક્રવત્ ધૈર્ય ધારણ કરવાની બાબતમાં વિવેકધૈર્યાશ્રય ગ્રન્થના એક ટીકાકાર ગોપીશજી એક બીજો પણ વિચાર પ્રસ્તુત કરે છે કે છાશમાંથી માખણ નીકાળી લેવાતાં તે છાશ નિઃસાર થઈ જાય છે. માખણનું તો રક્ષણ અવશ્ય કરવું જોઈએ. નવનીત ગ્રહણ થયા પછીથી યદિ છાશ મળે પણ ખરી તો એ તેને માટે કોઈ મમતા રહેતી નથી અને ન મળે તો પણ આપણું કંઈ લૂંટાઈ ગયું છે કે કંઈ ઉણપ છે તેવી વૃત્તિ બનતી નથી. જ્યારે માખણ એ છાશનો સાર છે એને ગ્રહણ કરવાની વૃત્તિ પણ બને છે અને એનો નાશ થાય તો દુઃખ પણ થાય છે. તેમ નવનીતના સમાન ભાવના આપણે આ દેહ વગેરેથી થનારી ભગવત્સેવા અને ભગવત્સમ્બન્ધી કાર્યોમાં કરવી જોઈએ. આ દેહ-પ્રાણ વગેરેની અનેકવિધ ક્રિયાઓ-ચેષ્ટાઓ થાય છે એ પૈકી યદિ કોઈ સહુથી વધુ મહત્ત્વપૂર્ણ અને અત્યાજનીય ક્રિયા છે તો તે પ્રભુસમ્બન્ધી ક્રિયાઓ - ચેષ્ટાઓ છે. એની આપણે નિતાન્ત રક્ષા કરવી જોઈએ, એમાં મમતા પણ રાખવી જોઈએ અને એ ન થતાં શોક પણ કરવો જોઈએ. તેમજ દેહ સમ્બન્ધી કાર્યો તથા દેહ થકી રહેલા સગા-સમ્બન્ધીઓમાં નવનીત નીકળી ચુકેલી છાશના સમાન નિઃસારતાનો વિચાર લગાતાર બનાવી રાખવો જોઈએ. આપણે એવી ભાવના પ્રતિક્ષણ હૃદયમાં રાખવાની છે કે જે નિઃસાર છે તેમાં શું મમતા રાખવી, આ પ્રકારે દેહ વગેરેમાંથી મમતા છૂટતાં યદિ કોઈ આપણું અપમાન કરે કે તિરસ્કાર કરે તો પણ તેથી આપણને કોઈ શોક-ગ્લાનિ વગેરે થશે નહિં. કારણ કે સુખ -દુઃખના ચિન્તનનું કારણ તો પદાર્થમાં રહેલી મમતા જ છે. જ્યારે ભગવત્સમ્બન્ધી કાર્યો વગેરેમાં જ નવનીત સમાન મમત્વ રાખતાં ભગવદીયોને ભગવાનની સેવા થકી જ સુખની અનુભૂતિ થાય છે અને સેવાકરણનો અભાવ જ ભગવદીયોને મન દુઃખરૂપ બની જાય છે **‘अनुकूलवेदनीयं सुखम्’** અને **‘प्रतिकूलवेदनीयं दुःखम्’** પ્રમાણે ઉપર્યુક્ત પ્રકારના ભગવદીયોના દેહ તથા દેહસમ્બન્ધી કષ્ટ કષ્ટરૂપ જ નથી હોતા, કેમ કે એ પ્રત્યેક પદાર્થોના પ્રતિ ભગવદીયોના અન્તઃકરણમાં નિઃસારતાની ભાવના દઢતાથી ઉદય પામેલી હોય છે.

‘तक्रवद् देहवद् भाव्यम् - देहवता तक्रवद् भाव्यम्’ (દેહવાળાઓએ તક્ર-છાશના સમાન વિચાર-ભાવન કરવું જોઈએ) આ પ્રકારે **‘देहवद् भाव्यम्’** ને એક પદ માની **‘देहवता तक्रवद् भाव्यम्’** એમ તૃતીયા સમાસ વડે અન્વય કરતાં **‘देहवत्’** નો અર્થ દેહ ધારણ કરવાવાળાઓ દ્વારા તક્ર-છાશના સમાન સ્વદુઃખો પ્રતિ માનસિક ભાવનો વિકાસ સાધવો જોઈએ.

‘देहवद्भाव्यम्’ આમાં **‘देहवत्’** માં પ્રથમા વિભક્તિનું એકવચન ગ્રહણ કરી અર્થ કરવામાં આવે ત્યારે વાક્યાર્થ બને છે - **‘देह इव भाव्यम्’** એટલે કે ધૈર્ય ધારણ કરવાની બાબતમાં દેહના સમાન ભાવન કરવું જોઈએ. આ બાબતનું સ્પષ્ટીકરણ કરતાં શ્રીવ્રજરાયજી પોતાની ટીકામાં લખે છે કે :- આ દેહ કે જેના પ્રત્યે આપણે આટલી બધી મમતા રાખીએ છીએ તે દેહ માત્ર આપણો જ આપણા અધિકાર ક્ષેત્રનો જ છે તેમ નથી (તેનાં પર માત્ર આપણી પોતાની જ માલિકી - અધિકાર હોય તેમ નથી) પરન્તુ તેનાં ઉપર તો આપણા ઉપરાન્ત

બીજા અનેક લોકોનો પણ અધિકાર છે, આ તો એક પ્રકારે સામૂહિક અધિકારવાળી સમ્પત્તિના સમાન છે.

देहः किमन्नदातुर्वा निषेक्तुर्मातुरेव वा ।
मातुः पितुर्वा बलिनः क्रतुरग्नेः शुनोऽपि वा ॥

(શ્રીભાગ. ૧૦-૧૦-૧૧)

આ દેહ પર વાસ્તવમાં કોનો અધિકાર છે ? આ શરીર પર શું એનો અધિકાર છે કે જે અન્ન આપી દેહનું પોષણ કરે ? યા પછી આ દેહને ગર્ભમાં ધારણ કરનાર માતાનો આ દેહ પર અધિકાર છે ? યા પછી આ દેહના જનક-ઉત્પન્ન કરનાર પિતાના અધિકારનો છે ? યા આ દેહને પોતાની શક્તિથી બલપૂર્વક પોતાને આધીન કરી લેનારના અધિકારનો છે ? યા પૈસા આપી ખરીદી લેનારના અધિકારનો આ દેહ છે ? કે પછી જીવનના અન્તે યાને ભસ્મસાત્ કરનાર અગ્નિના અધિકારનો છે ? કે પછી આ દેહનું ભક્ષણ કરી જવા તાકમાં બેઠેલા ભૂખ્યા જન્તુઓના અધિકારનો છે ? આમ જ્યારે આ દેહ સાથે પોતાના ઉપરાન્ત બીજા અનેક લોકોનો સ્વાર્થ જડાયેલો છે, આટલા બધાના સુખ-દુઃખો સાથે આ દેહ જડાયેલો છે, આવા દેહ પ્રતિ દેહ પર દુઃખોનું આક્રમણ થતાં આપણે એકલાએ જ શા માટે દુઃખી થવું જોઈએ ? આ પ્રકારે દેહમાંથી મમતાની વૃત્તિને ત્યાગીને દૈહિક સુખ-દુઃખના પ્રસંગો સહન કરીને ધૈર્ય ધારણ કરવું જોઈએ.

આ પ્રકારે દેહસમ્બન્ધી ઉત્પન્ન થવાવાળા દુઃખોને સહન કરતાં ભગવત્સેવામાં પ્રવૃત્ત બની રહેવા થકી સાધકની કાયિકી (કાયા સમ્બન્ધી) શરણાગતિ સિદ્ધ થાય છે.

આધ્યાત્મિક દુઃખમાં ધૈર્ય

આ પ્રકારે આધિભૌતિક પ્રકારના દુઃખો પ્રતિ ભક્તિ-માર્ગાનુસારી ધારણ કરવાના ધૈર્યની વિચારણા કર્યા બાદ હવે બીજો જે આધ્યાત્મિક દુઃખોનો અને તેમાં ધારણ કરવાના ધૈર્યનો પ્રકાર અહીં વિચારણીય છે.

આધ્યાત્મિક દુઃખ એટલે **‘आत्मानं अधिकृत्य तिष्ठति यद् दुःखं तद् आध्यात्मिकं दुःखम्’** આત્મા એટલે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારરૂપ અન્તઃકરણને અધિષ્ઠાન કરી રહેનારું - થનારું જે દુઃખ તે આધ્યાત્મિક દુઃખ છે. આપણે પૂર્વમાં જ એમ વિચારી ગયા છીએ કે સુખની કામના જ દુઃખોનું મૂળ છે, અતઃ ચિત્તને સુખની કામનાઓથી આહત નહિં થવા દઈને ઘટતા એ પ્રસંગો કે જેને વ્યવહારમાં દુઃખદ પ્રસંગ કહેવામાં આવે છે એ પ્રસંગોને પોતાના મનમાં જેમ ના તેમ સ્વીકારી લેવા એ અધ્યાત્મ સમ્બન્ધી ધૈર્ય છે. ચૈતન્ય સાથે જોડાયેલું માનવ મનનો અનુભવ કરવું એ ધર્મ પણ છે અને સ્વભાવ પણ છે અતઃ પ્રતિક્ષણ તે કંઈ ને કંઈ અનુભવ કરતું જ રહે છે, ખાસ કરીને જ્યારે તે સાંસારિક વિષયોમાં આસક્ત હોય છે તે સ્થિતિમાં સંસાર સમ્બન્ધી ક્યારેક સુખનો તો ક્યારેક દુઃખનો, તેમાં પણ ઘણું કરીને દુઃખનો અનુભવ કરનારું હોય છે. વાસ્તવમાં આ દ્વન્દ્વાત્મક સુખ પણ દુઃખનું જ એક સ્વરૂપ છે, તેથી જ ભગવદ્ગીતામાં પણ કહેવાયું છે કે **‘दुःखालयम् अशाश्वतम्’** (ગીતા. ૮-૧૫) આ સંસાર દુઃખોનો આલય = નિવાસ છે, દુઃખોથી ભરપૂર છે, આમાં થોડીક ક્ષણો પૂરતું દુઃખની અનુભૂતિ નહિં થવાને જ સુખ કહેવામાં આવે છે, વર્ના થોડા સમય પછી જ - તરત જ **‘वही पुरानी बेढंगी रफ्तार जो पहिले थी सो आज भी है’**

આ સુખ-દુઃખોમાં નિવિષ્ટ બનેલું મન જ્યાં સુધી વિષયોમાં આસક્ત રહેશે ત્યાં સુધી તે વિષયોની અપેક્ષાવાળું બની રહી ભગવદ્ આશ્રયભાવથી દૂર ભાગતું રહેશે, કારણ કે જેને સંસારનું સુખ જોઈએ છે અને જે ભૌતિક દુઃખોથી ભયાન્વિત છે એવું શોક, મોહ, ભયથી ભરપૂર ચિત્ત ભગવદ્ આશ્રયભાવોપલબ્ધિ અર્થે કેમ કરીને પ્રવૃત્ત થશે ? આનાં જ ઉપાયરૂપમાં શ્રીમદ્ભાગવતમાં જણાવ્યું છે કે :-

यतो यतो निःसरति मनः कामहतं भ्रमत् ।
ततस्तत उपाहृत्य हृदि रुन्ध्याच्छनैर्बुधः ॥
एवमभ्यसतश्चितं कालेनाल्पीयसा यतेः ।

अनिशं तस्य निर्वाणं यात्यनिन्धनवह्निवत् ॥

(ભાગવત ૭-૧૫-૩૩,૩૪)

અર્થાત્ - કામનાઓથી આહત બનેલું અને વિષયોમાં ભ્રમણ કરતું એવું મન જ્યાં-જ્યાંથી લૌકિક વિષયોમાં નિઃસૃત થાય ત્યાં-ત્યાંથી એને સમેટી - પાછાવાળી પોતાના હૃદયમાં (સ્થિત આત્મા-પરમાત્મામાં) સાવધાનીપૂર્વક તે ફરી-ફરીને વિષયોમાં ન જાય એ પ્રકારે રોકવું, આ પ્રકારે વારંવાર અભ્યાસ-આવર્તન કરતા રહેવાથી જેમ ઈન્ધન સમાપ્ત થતાં અગ્નિ આપોઆપ બુઝાઈ જાય છે તેમ ઘણાં જ અલ્પ સમયમાં સતત અભ્યાસરત વ્યક્તિનું ચિત્ત કામનાઓથી ઉપરત થઈ જાય છે. આ પ્રકારે મનની ભોગવાસનાઓનું ઈન્દ્રિયો દ્વારા પોષણ નહિં થતાં ચિત્તમાં દૃઢતાથી બળપૂર્વક ઘર કરી બેઠેલી ભોગવાસના નિર્બળ બની, ઢીલી પડી, પરિણામમાં એનો નાશ થાય છે. આ પ્રક્રિયાને જ યોગમાર્ગમાં **'પ્રત્યાહાર'** નામ યોગના પાંચમાં અંગરૂપે ઓળખવામાં આવે છે. આ પ્રકારે કામનાઓથી આહત બનેલા મનને હૃદયમાં સ્થિત પરમાત્મામાં રોકવા અર્થે પ્રથમ કામિત પદાર્થોની ઈન્દ્રિયોને આહૂતિ નહિં આપવાનો ઉપાય સૂચિત થયો છે તે આ વાક્ય યોગના પ્રતિપાદનમાં કહેવાયેલ હોવાથી મન વડે કામનાઓનો અભોગ એ યૌગિકી પ્રક્રિયાના અભ્યાસ વડે જણાવ્યું છે, પ્રાણાયામપૂર્વક વારંવાર પ્રત્યાહાર સમ્બન્ધિની યૌગિકી પ્રકિયાનો અભ્યાસ કરતાં રહેવાથી અર્થાત્ ઈન્દ્રિયોને એના શબ્દાદિ વિષયોથી અભુક્ત રખાતાં મન હૃદય સ્થિત આત્મામાં કિંવા પરમાત્મામાં નિરુદ્ધ થઈ જાય છે, કિન્તુ આ પ્રત્યાહાર પ્રક્રિયા યોગમાર્ગમાં ઉપયુક્ત છે, પરન્તુ આપણે અહીં જે ધૈર્યની ચર્ચા કરી રહ્યાં છીએ તે ધૈર્ય ભક્તિમાર્ગીય આશ્રયભાવની સિદ્ધિના સાધનરૂપમાં છે તેની ચર્ચા કરી રહ્યા છીએ. વળી આ આશ્રયભાવ પણ ભક્તિના અનુકલ્પરૂપમાં હોવાથી ભગવદ્ આશ્રયની સિદ્ધિ પણ આપણે ભગવાનની ભક્તિના અર્થે કરવાની છે. ત્યારે ભક્તિ કહીએ કે આશ્રય કહીએ એની સિદ્ધિ અર્થેની સાધનામાં વિષયવાસના એ પ્રતિરોધી હોવાથી તદર્થ-વિષયવાસનાઓથી ઉપરત થવા માટે અહીં આ (વિવેકધૈર્યાશ્રય) ગ્રન્થમાં ધૈર્ય પદાર્થ નિરૂપિત કરાયો છે. અર્થાત્ એક એવી ધૈર્યવૃત્તિને ચિત્તમાં ધારણ કરવાની છે જેનાથી ચિત્ત વિષયોથી પ્રતિમુખ પણ બને અને એ ચિત્ત ભગવદાશ્રયભાવમાં નિવિષ્ટ પણ થાય. આ ઉપાય યૌગિક પ્રત્યાહારરૂપ હોઈ શકે નહિં કારણ કે એ પ્રત્યાહાર પણ ભક્તિથી વિરુદ્ધ સ્વભાવવાળા એવા ધ્યાન અને સમાધિનું પૂર્વાંગ છે. યૌગિક પ્રત્યાહાર સિદ્ધ થતાં ઈન્દ્રિયો શબ્દાદિ વિષયો અને તત્પરક સર્વ ક્રિયાઓથી નિવૃત્ત બની જાય છે, ત્યારે જ તો **'यथा दीपो निवातस्थो'** (ગીતા. ૬-૧૯) ની માફક એનું ધ્યાન સ્થિર થઈ શકે છે. ઉપરાન્ત તે સ્થિર ધ્યાન વડે પોતાના સર્વાંગ - સર્વ ઈન્દ્રિયોથી ભગવત્સેવન નથી કરતો અપિતુ અંગ-ઈન્દ્રિયોના કાર્યોથી નિવૃત્ત થઈને આઠમું અન્તિમ અંગ સમાધિમાં પ્રવિષ્ટ થઈ નિઃશેષસંસ્કાર સ્થિતિને પામી ચરમસીમાએ ચિત્તનો આત્મામાં લય થઈ જાય છે. જ્યારે **'चेतस्तत्प्रवणं सेवा'** (સિદ્ધાન્ત મુ.) વાક્યથી શ્રીમહાપ્રભુ જે ભક્તિનું પ્રતિપાદન કરે છે તેમાં ચિત્તની કૃષ્ણમાં પૂર્ણ પ્રવણતા તો અપેક્ષિત છે જ કિન્તુ એ પ્રવણતા નો જે અર્થ **'प्रवणं क्रमनिम्नोर्व्यां प्रह्वेनाथचतुष्पथे, आयत्ते च ....'** કોષમાં બતાવાયેલ આ અર્થોના આધાર પર દૈન્યભાવ અતિશય ઝુકેલું અને **'आयत्ते'** એટલે અત્યન્તરૂપમાં સ્વયંને કૃષ્ણના આધીન થઈ ગયાની બુદ્ધિ થવી એમ ભક્તિના અધિકારી ભક્તનું લક્ષણ છે, અતઃ ભક્તિમાર્ગમાં અતિશય તદધીનતાની સ્થિતિ બને છે જ્યારે યોગમાં અતિશય સ્વાતંત્ર્યનો ભાવ વિદ્યમાન રહે છે, આ જ આશયથી શ્રીઆચાર્યચરણ ત્રણે પ્રકારના દુઃખોને સહન કરવાની વાત કહીને ત્યારબાદ કયા પ્રકારે સહન કરવું એનું પુષ્ટિમાર્ગીય ભક્તિમાગીર્ય સ્વરૂપ દૃષ્ટાન્તો દ્વારા સ્પષ્ટ કરે છે. એ દૃષ્ટાન્તોમાં **'तक्रवत्'** દૃષ્ટાન્ત આધિભૌતિક દુઃખ સમ્બન્ધી જણાવીને આધ્યાત્મિક દુઃખ પ્રતિ વૈષ્ણવનું ધૈર્ય કયા પ્રકારનું હોવું જોઈએ એને **'जडवत्'** વાક્યથી જડભરતજીના દૃષ્ટાન્ત દ્વારા જણાવવામાં આવ્યું છે.

મન કામનાઓ કરે છે, કામનાઓની પૂર્તિ અર્થે મન ઈન્દ્રિયોને પ્રેરિત કરે છે, ઈન્દ્રિયો મન વડે અભિલષિત પદાર્થોનો સંગ કરીને સુખનો અનુભવ કરાવે છે, સુખાનુભૂતિના કારણે ચિત્ત એમાં જ સંલગ્ન બની જાય છે, **'ध्यायतोविषयान् पुंसः'** (ગીતા. ૨-૬૨) માં કહ્યા મુજબ કામનાઓની

અપૂર્તિમાં ક્રોધ વગેરેની ઉત્પત્તિ થઈ પરિણામે નાશ સ્થિતિ સર્જાય છે, જો નાશ જ થઈ ગયો તો પછી ભગવદાશ્રય અને ભક્તિની સિદ્ધિરૂપ ચરમ લાભથી જ મનુષ્ય વંચિત રહી જશે, આવી પરિસ્થિતિ ન સર્જાય તે હેતુથી જ ઈન્દ્રિય અને અન્તઃકરણ સમ્બન્ધી સર્વ દુઃખોને સહન કરવાનો ઉપદેશ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ આપે છે.

ઈન્દ્રિય-અન્તઃકરણ સમ્બન્ધી દુઃખો સહન કરવામાં જડભરતજીના સમાન વિચારવું જોઈએ. જડભરતજીએ પોતાની સર્વ ઈન્દ્રિયોને ભગવદ્ભાવથી ઓતપ્રોત કરી રાખી હતી તેથી તેમને ઈન્દ્રિયોથી ઉત્પન્ન થનારા દુઃખોનો ક્યારેય અનુભવ થતો ન હતો. સ્થિતપ્રજ્ઞજનોની માફક એમની પ્રજ્ઞા ક્યારેય સુખ-દુઃખો થકી વિહ્વલ થતી ન હતી. પૂર્વના જન્મોમાં રહેલી આસક્તિનું દુષ્પરિણામ તૃતીય જન્મમાં ૧-ભરતજી ૨-હરણ દેહમાં ૩-જડભરતજી સ્મરણમાં રહ્યું અતઃ ત્રીજા જન્મમાં એમણે બહારના દેખાવમાં એકદમ જડવ્યક્તિ સમાન આચરણ કર્યું, પોતાને ખૂબ જ ચાહનારા પિતામાં પણ તેઓ અનાસક્ત રહ્યા અને જ્યારે બાલ્ય અવસ્થામાં માતા-પિતા બંને ગુજરી જતાં ભાઈબન્ધુઓ દ્વારા તેમનું અપમાન તિરસ્કાર વારંવાર કરાતાં પણ એમના મનમાં એ લોકો પ્રત્યે કોઈ દુર્ભાવ ઉત્પન્ન થતો નહિ. તેઓ મનમાં એમ જ વિચારતા કે માન-અપમાન તો આ શરીરનું થાય છે અને હું શરીર નથી, તેથી અલગ આત્મા છું, ઠંડી હોય કે વરસાદ હોય તેઓ નિર્વસ્ત્ર પડ્યા રહેતા, તેઓ વિચારતા કે શીત-ઉષ્ણ વગેરેને અનુભવવું એ તો આ શરીરનો ધર્મ છે, આત્માને માટે ન તો તેને ઠંડી લાગે છે કે ન એને ગરમી લાગે છે, આ પ્રકારે તેઓ દેહાધ્યાસથી (દેહાધ્યાસ એટલે પોતે આત્મા હોવા છતાં પણ આત્મામાં દેહનો અધ્યારોપ કરી હું દેહ છું તેવી બુદ્ધિવાળા બની દેહના સકલ ગુણ ધર્મોને પોતાના છે તેમ માનનારા થવું) સર્વથા મુક્ત થઈ ચુક્યા હતા.

ભદ્રકાલી દેવી આગળ બલિદાન આપવા અર્થે જડભરતજીનું તાજું માજું તગડું અને સુડોલ શરીર જોઈને અને તેમને પશુસમાન આચરણ કરતાં જોઈને આ નરપશુ બલિદાન માટે ઉત્તમ છે તેમ વિચારી લુટારુઓની ટોળીના માણસોએ જડભરતજીને દોરડાથી બાંધીને દેવી આગળ લઈ ગયા તો ચોરોનો પ્રતિકાર કર્યા વિના અને ક્યાં લઈ જાઓ છો તે પૂછ્યા વિના તેઓ દોરડે મૂંગા મોઢે બંધાઈ રહી અને દેવી આગળ ઊભા કરાતાં મૂંગા મોએ ઊભા થઈ ગયા, એમનો બલિદાન અર્થે વધ કરવા ચોરોના માણસોએ તલવાર ઉઠાવી ત્યારે પણ જરાએ ભયથી વિચલિત થયા વિના નિર્ભય-નિશ્ચલ ભાવે કોઈ પણ પ્રકારનો પ્રતિકાર કર્યા વિના ઊભા જ રહ્યા. જે કંઈ પણ ઘટી રહ્યું છે એને મનમાં કોઈ પણ પ્રકારની ઉદ્વિગ્નતા રાખ્યા વિના અનુદ્વિગ્ન મને જેમનું તેમ સ્વીકારી લેવું અને જે કંઈ પણ ઘટી રહ્યું હોય તેમાં પરમાત્માની જ કૃતિને વિચારી સ્થિતપ્રજ્ઞ બન્યા રહેવું, સુખ-દુઃખોના આઘાતોથી પણ બુદ્ધિ વિચલિત ન થવી, આવી સ્થિતિનું નિર્માણ થતાં તે ધીરતાને ઉત્પન્ન કરે છે જે ભગવાનની શરણાગતિના - ભગવદ્ આશ્રય સિદ્ધિના માર્ગમાં અન્તઃકરણ સમ્બન્ધી સુખ-દુઃખો કેવી રીતે સહન કરવા એનાં ઉપાય રૂપમાં શ્રીવલ્લભાચાર્યજી જડભરતજીના ચરિત્રનું અનુસરણ કરવાનું અને વિચારવામાં એમની જ દૃષ્ટિ અપનાવવાનો નિર્દેશ કરે છે.

જ્યારે બુદ્ધિ ઈન્દ્રિયોના શબ્દ-સ્પર્શાદિ વિષયો કે પછી સ્વસુખ-દુઃખ પરત્વે વિષયો સમ્બન્ધી પદાર્થોનું ધ્યાન-ચિન્તન કર્યા કરે છે એટલે કે બુદ્ધિનો નિવેશ જ્યારે વિષયપદાર્થોમાં જ બન્યો રહે છે ત્યારે ઈન્દ્રિય સમ્બન્ધી વિષયોના ઉપભોગની ઈચ્છા ઉત્પન્ન થાય છે, ઈચ્છાઓની પૂર્તિ યદ્યપિ થતી જ નથી (કારણ કે ઈચ્છા એક પછી એક ઉદ્ભવ્યા જ કરે છે - તેનો ક્યાંય અન્ત હોતો નથી) તેમ છતાં પણ જે થોડી ઘણી ઈચ્છા પૂર્ણ થતી દેખાય છે એવી સ્થિતિમાં બુદ્ધિ અધિકથી અધિક વિષયોમાં ડૂબતી જ જાય છે અને કામનાઓની અપૂર્તિ-કામિત ન થતાં ક્રોધ, સંમોહ અને અન્તે વ્યક્તિનો નાશ એમ જે ગીતામાં ક્રમ જણાવ્યો છે તે પરિણામ થઈ ને રહે છે. અતઃ બુદ્ધિ વિષયોના ધ્યાનથી હટીને યદિ વધુને વધુ ભગવદ્ ભાવ - ભગવચ્ચિન્તનમાં ઓતપ્રોત બની રહેશે તો ઈન્દ્રિય સમ્બન્ધી સુખ-દુઃખ આપ મેળે જ દૂર થઈ જશે.

આ મુજબ આપણે આધ્યાત્મિક દુઃખ શું છે અને કયા છે તેનો વિચાર કર્યો, હવે આપણે આધ્યાત્મિક દુઃખોની નિવૃત્તિના વિષયમાં વિચારીશું.

ભગવદાશ્રયની સિદ્ધિના માર્ગમાં અન્તઃકરણ સમ્બન્ધી સુખ-દુઃખોને કઇ રીતે સહન કરવા કે જેથી ભગવદ્ આશ્રય ભાવનો તાર તૂટે પણ નહિં અને જીવનમાં આવવાવાળા સુખ-દુઃખ આપણને વિચલિત પણ કરી ન શકે, સુખમાં આપણે ફુલાઈ ન જઈએ અને દુઃખમાં આપણે ગભરાઈ ન જઈએ. આવી પરિસ્થિતિમાં મન અને બુદ્ધિને કયા બિન્દુ પર કેન્દ્રિત કરવા, આના ઉપાયના રૂપમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવત પંચમ સ્કન્ધમાં કહેવાયેલ શ્રીજડભરતજીનું દૃષ્ટાન્ત પ્રસ્તુત કરીને એ જ દૃષ્ટિ અપનાવવાનો નિર્દેશ કરે છે.

ઈન્દ્રિયો અને મન એને ભગવદ્ભાવથી ઓતપ્રોત કરવા માટે એમનું ભગવદ્ભાવ સાથે સાતત્ય આવશ્યક છે અને આ સાતત્ય ત્યારે જ બની શકશે જ્યારે મન અને ઈન્દ્રિયો વિષયોની ભોગેચ્છાથી પરાવૃત્ત થાય, નહિંતર ઈન્દ્રિયો અને મન વડે ભોગેચ્છાવશ વિષયોમાં આવર્તન થતું રહેશે ત્યાં સુધી ભગવદ્ભાવની વૃદ્ધિ થવી શક્ય નહિં બનશે, તેમજ ભક્તિમાર્ગમાં ભગવાન યા ભગવત્ સમ્બન્ધી વિષયથી અતિરિક્ત અન્ય કોઈ સાધન જ નથી કે જેનું આચરણ કરાતાં ભક્તિનો ઉદ્ભવ થાય યા તો ભક્તિની વૃદ્ધિ થાય. અતઃ મન-ઈન્દ્રિયોની વિમુક્તિ હેતુ જો કોઈ ભક્તિમાર્ગીય સાધન છે તો તે ભગવદ્ભાવનું આવર્તન જ સાધન છે. આ પ્રકારે ભગવદ્ ભાવનું પુનઃ પુનઃ વારંવાર સતત આવર્તન અને મન-ઈન્દ્રિયો દ્વારા આસક્તિરહિત બની રહી વિષયોનો અસ્વીકાર થવો આના માટે શ્રીવલ્લભાચાર્યજી નિરોધલક્ષણ ગ્રન્થમાં સાધનઅવસ્થામાં રહેલા લોકોને સાધનના રૂપમાં આ જ ધૈર્ય ને જુદા શબ્દોથી જણાવે છે કે :-

यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥

આ શ્લોકના પહેલાના શ્લોકોમાં સંસારથી આવિષ્ટ થયેલી એવી ઈન્દ્રિયોના હિતને માટે ઈન્દ્રિયોને જે કંઈ પણ જોઈએ એ ઈન્દ્રિયોની ઈચ્છાને ક્ષેત્રમાં આવનારા સર્વ પદાર્થોને કૃષ્ણમાં સમર્પણ કરવા અથવા એની કૃષ્ણના અર્થે યોજના કરવી એમ જણાવ્યા પછી આ શ્લોક વડે જણાવે છે કે ઈન્દ્રિયો જ્યારે પોતાના વિષયોમાં પ્રવર્તી રહી હોય, તો ઈન્દ્રિયોનું એ પ્રવર્તન જીવની ભોગેષણા પરક છે કે પછી ભક્તિના અર્થે છે એ બાબત ઈન્દ્રિયો દ્વારા પ્રદર્શિત બધી જ ઈચ્છાઓના વિષયમાં સદૈવ અન્વેષણ કરતાં રહેવું જોઈએ. એ ઈચ્છાઓ પૈકી જે ઈચ્છાઓ ભક્તિના અર્થેની હોય તે ઈચ્છાઓ અવશ્યમેવ પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ પરન્તુ જે ઈચ્છાઓમાં ભગવદ્ભક્તિ - ભગવત્સુખ-ભગવત્સેવા કારણ ન હોય એવી સર્વ ઈચ્છાઓને પૂર્ણ નહિં કરીને એનો નિગ્રહ કરવો જોઈએ. કહેવાનું તાત્પર્ય ઈન્દ્રિયરૂપી અશ્વો જ્યાં સુધી અને જેટલા પણ ભક્તિના માર્ગ પર ચાલતા હોય તે કલ્યાણકર હોવાથી એ અશ્વોને આગળ વધવા દેવા જોઈએ કિન્તુ જો તે ઈન્દ્રિયરૂપી અશ્વો ભક્તિનો માર્ગ છોડીને વિષયોના માર્ગ પર વળવા માંગે ત્યારે બુદ્ધિરૂપી સારથી દ્વારા મનોનિગ્રહરૂપી લગામ ખેંચીને વિષયવાસનાના માર્ગ પર જતી ઈન્દ્રિયોને રોકી દેવું જોઈએ, લૌકિક વિષયોથી અભ્યસ્ત બનેલું મન પોતાની અભિલાષાઓ અપૂર્ણ રહેતાં અસ્વસ્થ થશે જ અને તેમ છતાં પણ જ્યારે એની પૂર્તિ કરવા આવશે નહિં અને એનો નિગ્રહ કરવામાં આવશે ત્યારે મન વડે અતિશય દુઃખનો અનુભવ થવો શક્ય જ નહિં; નિશ્ચિત જ છે. ત્યારે કે જ્યારે આપણા દ્વારા મનનો નિગ્રહ કરાઈ રહ્યો હોય ત્યારે જો આપણી અધીરવૃત્તિ બળવાળી થઈને સામે આવે છે તો પ્રયત્ન કરવા છતાં પણ આપણે મનનો નિગ્રહ કરી શકીશું નહિં. અતઃ આપણા મન-ઈન્દ્રિયોનો પૂર્ણ અભિનિવેશ ભગવદ્ભક્તિમાં થઈ શકે તે માટે અપેક્ષિત મનોનિગ્રહના સમયે આપણું મન દુઃખોથી ડગમગી જઈને ભગવદ્ આશ્રયભાવને ત્યાગી ન દે અને વૈષયિક પદાર્થોનું આશ્રિત ન બની જાય તે માટે ભૌતિક દુઃખોની સાથે સાથે આધ્યાત્મિક દુઃખોને પણ સહન કરવું અનિવાર્ય આવશ્યક છે. આ વિષયમાં બુદ્ધિનો એક નિશ્ચય જ આપણને ધૈર્ય ધારણ કરવામાં બળ બની શકે છે અને તે નિશ્ચય છે દેહ-ઈન્દ્રિય વગેરે સહિત પોતાના આત્માને ભગવદીય પદાર્થના રૂપમાં, ભગવાનને આધીન પદાર્થના રૂપમાં વિચારી, એ પદાર્થોનો માત્ર ભગવાનના હેતુમાં જ વિનિમય કરવાનો નિશ્ચય જ આપણને ધૈર્યમાં પૂરકબળ બની શકે છે. આ વાતને જ સ્પષ્ટ સમજાવવા માટે આ આધ્યાત્મિક ધૈર્યમાં શ્રીમહાપ્રભુ **'जडवत्'** કહીને જડભરતજીનું દૃષ્ટાન્ત આપે છે.

પ્રથમ જન્મમાં ભગવદ્ભક્તિની ઉચ્ચ સ્થિતિ શ્રીભરતજી એ પ્રાપ્ત

કરી લીધી હતી, છતાં પણ ભગવદ્‌ભક્તિમાં અનુપયોગી એવી હરણના બચ્ચામાં દયાધર્મના નામ પર આસક્તિ કરી બેઠા. સાચી વાત તો આજ છે કે જેમાં જેના થકી ભગવદ્ વિમુખતા આવે એ ધર્મ જ નથી, તેથી હું હરણના બચ્ચા પર ઉપકાર કરું’ એમ અહંવૃત્તિથી ઉત્પન્ન થયેલી દયાનું આચરણ એમણે કર્યું, તો પરિણામ એ આવ્યું કે જ્યાં આ (પ્રથમ) જન્મમાં જ એમની મુક્તિ થવી જોઈતી હતી ત્યાં મુક્તિની જગ્યાએ એમણે ફરીથી જન્મ લેવો પડ્યો અને તે પણ માનવશરીરથી હીન એવા પશુશરીરમાં જન્મ લેવો પડ્યો. તેમ છતાં પણ ભગવાનનાં અનુગ્રહે એમને હરણના પશુશરીરમાં પણ પૂર્વજન્મની સ્મૃતિ કાયમ રહી, લૌકિક ભાવે લૌકિક પદાર્થમાં મનની આસક્તિ થવાનું જે પરિણામે મળ્યું, એનું જ્ઞાન એમના ચિત્તમાં બન્યું રહ્યું અતઃ તેઓ આ પશુશરીરમાં પણ હરણ શરીરના સહજ સ્વભાવે જે શબ્દ વિષયક આસક્તિ હોય છે એને ત્યાગીને પોતાનું આ પશુશરીર છૂટે તેની પ્રતીક્ષા કરતાં આ શરીરમાં જે પણ કષ્ટો આવ્યા તેને સહન કરતા રહ્યા.

આયુષ્યભોગ પૂર્ણ થતાં એમની હરણના દેહથી મુક્તિ થઈ અને પુનઃ એમને માનવદેહ પ્રાપ્ત થયો. એમનો આ ત્રીજો જન્મ એક બ્રાહ્મણ પરિવારમાં થયો, આ જન્મમાં પણ ભગવાનની કૃપાએ પહેલાના બંને જન્મોની સ્મૃતિ બની રહી અતઃ બાળપણમાં જ એમણે મનમાં એમ નિશ્ચય કરી લીધો કે આ જન્મારો મારે કોઈ પણ પ્રકારે વેડફવો નથી, ભગવાને જ અનુગ્રહ કરીને માનવ દેહમાં જન્મ આપ્યો છે, તેમાં પણ બ્રાહ્મણકુલમાં જન્મ આપ્યો છે અને તેમાં પણ પાછુ ક્યાંક ફરીથી હું ભટકી ન પડું તે માટે પૂર્વના જન્મોની સ્મૃતિ પણ આપી રાખી છે, અતઃ જે મુજબનો પરમાત્માનો મારા પર અનુગ્રહ વરસ્યો છે એનાં અનુરૂપ મારે જીવનમાં વર્તવાનું છે, તેમજ તે પ્રભુનાં જ ચિન્તન, સ્મરણ, કીર્તન વગેરે કરતાં પોતાના આયુષ્યને, આ શરીરને, શરીરમાં રહેલાં ઈન્દ્રિય, મન, બુદ્ધિ, પ્રાણ અંગ-ઉપાંગોને સફળ કરવા છે અને આ બધાની સફળતા એમાં જ છે કે અહં-મમ સ્વરૂપવાળા સંસાર પ્રત્યે સર્વથા વિરક્ત બની રહી પરમ પ્રિય એવા પરમાત્મામાં અનન્યભાવે અનુરક્ત બની રહેવું. સંસારની ધરાતલથી આરંભ થયેલી આપણી આ જીવનયાત્રા લક્ષ્યરૂપ પરમાત્માના ચરણની પ્રાપ્તિ કરીને જ સફળ યા પરિપૂર્ણ કહી શકાય છે; નહિં કે પરમાત્માથી વિમુખ બની પીછેહટ કરી અસત્ -મૃત્યુ-અન્ધકાર પ્રતિ પાછળની તરફ (ઊંધી) જીવનયાત્રાને સફળ યા પૂર્ણ કહી શકાય છે. એ પૂર્ણતા નહિં અપિતુ એ વિનાશ છે. આવા વિચારોના આધારે જડભરતજીએ પોતાના જીવનનો એવો નકશો ઘડ્યો કે જેમાં એ જીવનને કોઈ પણ કોણથી જોવા-વિચારવામાં આવે તો પરમાત્માથી અતિરિક્ત એમાં બીજું કંઈ પણ દૃષ્ટિગત થાય નહિં. યદ્યપિ જેના ચૈતન્ય થકી વિશ્વનાં સર્વ ચેતનો પ્રાણન્ કરે છે એવા પરમાત્માના નિવાસ યા મન્દિરની ઉપમાને જીવન ત્યારે જ પામે છે કે જ્યારે જેમ એક મન્દિરમાં ભગવાનને બિરાજવાના નિજ મન્દિર-ગર્ભ ગૃહ ઉપરાંત એમાં રસોઈઘર, જલઘર, કર્મચારીઘર, ભોજન ઘર, સ્નાનઘર વગેરે બધી જ લોકવત્ સુવિધાઓ હોય છે છતાં પણ તે બધી જ સુવિધાઓ કોઈ વ્યક્તિની સુખાકારીના હેતુથી નથી હોતી પરન્તુ ભગવાનની સેવાના હેતુથી હોય છે, તેવી જ રીતે એક એ પ્રકારે ઘડેલું જીવન જેની નાનામાં નાની દરેક પ્રવૃત્તિઓ કોઈના અર્થેની યા પોતાના અર્થેની ન હોય કિન્તુ ભગવદ્ વિચારે-ભગવાનના અર્થેની જ - ભગવાનના હેતુ થકી જ હોય ત્યારે એવા જીવનને મન્દિરની ઉપમા આપવી એમાં જરાયે અતિશયોક્તિ નથી, અર્થાત્ એક એવા પ્રકારનું જીવન જે ભગવન્મન્દિર બની ગયું હોય અને જીવન સમ્બન્ધી શરીર, ઈન્દ્રિય, પ્રાણ, વગેરે સર્વ સુવિધાઓ યા સાધનો ભગવદ્ હેતુક જ માત્ર બની રહ્યા હોય, જડભરતજીએ પોતાના જીવનને એ મુજબ જ ભગવન્મન્દિર જેવું બનાવ્યું હતું. પરન્તુ સંસારી લોકો એમના જીવનમાં ભગવાનને તો જોઈ શક્યા નહિં અને ખાલી ખંડિયર જેવા દેખાઈ રહેલા એમના જીવનને જોઈને એ સંસારીજનોએ એમને જડ નામે સમ્બોધ્યા. વાસ્તવમાં તેઓ ‘જડ’ હતા નહિં પરન્તુ પરમાત્માનુભવમાં એમના મન, બુદ્ધિ, ઈન્દ્રિયો વગેરે એટલા બધા અતિશય સંવેદનશીલ હતા જેથી તે સંસારના અનુભવમાં અનુપયુક્ત બની રહ્યા હતાં. એમણે પોતાના મન, બુદ્ધિ વગેરેને એવી રીતે તૈયાર કર્યા હતા કે જેમાં સંસારના સુખ-દુઃખોનો સ્પર્શ પણ થઈ શકે નહિં. શ્રીવલ્લભાચાર્યજી ‘જડ’ ની આ વાતને અહીં વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં પ્રસ્તુત કરીને ધૈર્યને સમજાવવા માંગે છે કે દેહ-ઈન્દ્રિય વગેરેની સંસાર પ્રતિ દોડતી જે પણ વૃત્તિઓ હોય તે સર્વને રોકો અને એને રોકવામાં મન જે પીડા-કષ્ટનો અનુભવ કરે એને જેમ ભરતજીએ

હરણના દેહમાં હરણશરીર છૂટતાં સુધીની પ્રતીક્ષામાં બધા જ કષ્ટો સહ્યા અને બીજા જન્મમાં પોતાના ચિત્તને - પોતાના અન્તઃકરણને પરમાત્મામાં વાળીને તેઓ સુખ-દુઃખોના અનુભવથી ઉપર ઉઠી બહાર નીકળી ગયા, તેવી રીતે જ્યાં સુધી આપણાં મન-ઈન્દ્રિયો વગેરે પૂર્ણરૂપેણ ભગવાનમાં જોડાઈ જતાં નથી ત્યાં સુધી - તે ભગવાનમાં જોડાઈ જાય તેની પ્રતીક્ષામાં ત્યાં સુધી તે સર્વ દુઃખો તમે સહન કરો. આ પ્રકારે અધ્યાત્મ સમ્બન્ધી દુઃખો સહન કરવા એ આધ્યાત્મિક ધૈર્ય છે.

(આધિદૈવિક દુઃખમાં ધૈર્ય)

દેવના સમ્બન્ધથી અનુભવમાં આવનારા સુખ અથવા દુઃખ એ આધિદૈવિક સુખ-દુઃખનો દ્વન્દ્વ છે. **‘देवं अधिकृत्य तिष्ठति यद्दुःखं तद् आधिदैविकं दुःखम्’** દેવ શબ્દ ‘દિવુ’ ધાતુથી નિષ્પન્ન થાય છે. આ ધાતુ ક્રીડા, વિજિગિષા, વ્યવહાર, દ્યુતિ, સ્તુતિ, મોદ, મદ, સ્વપ્ન, કાન્તિ, ગતિ આટલા અર્થોમાં પ્રયુક્ત થાય છે.

અહીં પ્રશ્ન એ થશે કે દેવ જે પરમ ઉત્કૃષ્ટ અને પરમ ઈષ્ટ છે, તેમજ જેમાં દિવુ ધાતુના દસે દસ અર્થો ઘટિત થાય છે, જે વિવિધ ક્રીડાઓ કરે છે એવા પ્રભુના સમ્બન્ધે દુઃખ કેમ કરી હોઈ શકે ? શું આવું દુઃખ થઈ શકે ખરું ? જે સાક્ષાત્ આનન્દસ્વરૂપ છે તેમના સમ્બન્ધે વળી દુઃખ કેવું ? પ્રશ્ન સાચો જ છે, આનન્દના સંયોગમાં તો દુઃખ સમ્ભવી શકે જ નહિં, તેમ છતાં પણ જ્યારે એ પરમાનન્દ પરમેશ્વરની અન્તઃસ્થિતિ થઈને એનું બહિઃ પ્રાકટ્ય ન થતું હોય, એ રસરૂપ ભગવાન જ્યારે પોતાનું દર્શન કરાવવામાં વિલમ્બ કરતા હોય, અથવા પ્રારબ્ધભોગને અર્થે તેને લઈને ફલપ્રાપ્તિ (ભગવત્સંયોગસુખાનુભવ) માં અન્તરાય ઉત્પન્ન થાય ત્યારે ભગવાનના પ્રેમીભક્તો માટે તે ભગવદ્દર્શન વિહોણી- પ્રત્યક્ષ ભગવાનની ઉપસ્થિતિ વિહોણી સ્થિતિ અત્યન્ત અસહ્ય બની જાય છે અને તેવે સમયે તેમનું ધૈર્ય છૂટી જઈ તેમનામાં અધૈર્યની સ્થિતિ નિર્માણ પામે છે (જે એમની જીવનસ્થિતિને માટે વિઘાતક બને છે, અતઃ) આવી પરિસ્થિતિમાં પણ ધૈર્ય બન્યુ રહે તે માટે શ્રીવલ્લભાચાર્યચરણ ઉપાય બતાવે છે **‘गोपभार्यवत्’** વાક્યથી.

આધિભૌતિક દુઃખોને સહન કરવાના ઉપાયમાં **‘तक्रवत् देहवता भाव्यम्’** દેહ, દેહ સમ્બન્ધિઓ તથા દેહસમ્બન્ધી કાર્યોમાં તક્ર-છાશ સમાન ભાવના કરવાની પ્રક્રિયા જણાવી, આધ્યાત્મિક દુઃખોને સહન કરવાના ઉપાયમાં **जडवत्** જડભરતજીના સમાન ભાવના કરવાનું અને ત્યારબાદ આધિદૈવિક દુઃખોને સહન કરવાના ઉપાયમાં **‘गोपभार्यवत्’** ગોપો વડે જેમનું ભરણ પોષણ થાય છે તેવી તેમની ભાર્યાઓ-સ્ત્રીઓ સમાન ભાવના કરવી એમ જણાવે છે. અર્થાત્ ગોપિકાઓએ વિરહદશામાં જે કંઈ ભાવન કર્યું, વિચાર્યું તે મુજબ આધિદૈવિક દુઃખોના પ્રસંગે ભાવના કરવી જોઈએ. **‘भार्याणां समूहः = भार्यः – गोपानां भार्यः = गोपभार्यः’** આ વ્યુત્પત્તિ અનુસાર ગોપપત્નીઓ એવી અન્તર્ગૃહગતાગોપિકાઓ કે જ્યારે રાસક્રીડાના પ્રસંગમાં ભગવાને વેણુનાદ દ્વારા કુમારિકાઓ કે જેઓ નિર્ગુણ પ્રકારના હતા તે ગોપિકાઓને રાસમાં આમંત્રિત કર્યા ત્યારે - તે વખતે કેટલીક ગોપીઓ કે જે સગુણ પ્રકારની હતી અને તેઓ શ્રીકૃષ્ણમાં લૌકિક જારવત્ પ્રેમ રાખતી હતી, એમાણે પણ વેણુનાદનો ધ્વનિ શ્રવણ તો કર્યો અને તેઓ કૃષ્ણ પાસે જવા ઉદ્યત થઈ પણ ખરી, પરન્તુ તેમના પતિ-પુત્રાદિ દ્વારા તેમનો પ્રતિબન્ધ કરાતાં ભગવાનના રાસસ્થળમાં પહોંચી શકી નહિં, આ કારણે એમનો દુઃખરૂપી અગ્નિ એકદમ ભડકી ઊઠયો અને કૃષ્ણવિરહમાં એમાણે કરોડો બ્રાહ્મકલ્પના સમયમાં નરકયાતના ભોગવવાના કષ્ટ બરાબરનું દુઃખ ક્ષણમાત્રના ભગવદ્વિરહમાં અનુભવ્યું જેથી એમના સર્વ પાપોનો ક્ષય થયો, પાપક્ષયના અનન્તર એમાણે પોતાના ધ્યાનમાં પ્રાપ્ત પરમાત્માથી આશ્લેષ અનુભવી ક્ષણમાત્રમાં એ સુખનો અનુભવ કર્યો કે જે કરોડો બ્રાહ્મકલ્પના વર્ષો બરાબરના સમયમાં સ્વર્ગાદિ લોકોમાં રહીને જે સુખભોગ થઈ શકે છે, આ પ્રકારે એમનાં પુણ્યો પણ સુખભોગ દ્વારા ક્ષય પામી લેશમાત્ર ન બચ્યાં. પાપ-પુણ્યનો ક્ષય થતાં દેહસ્થિતિ માટે કોઈ કારણ ન રહેતાં એમનો એ સગુણ દેહ તત્ક્ષણ છૂટી જઈ પરમાત્માની વિશેષ કૃપાથી તેઓ નિર્ગુણ ભાવને પ્રાપ્ત થયા. નિર્ગુણ દેહ તેમને ઉપલબ્ધ થતાં તેઓ પ્રભુની રાસલીલામાં પ્રાપ્ત થયા.

આ મુજબ અન્તર્ગૃહગતા ગોપીઓએ કૃષ્ણપ્રાપ્તિની ઉત્કંઠામાં પોતાનું

શરીર છૂટી જવાની પણ પરવા નહિં કરી, એવી જ રીતે પોતાના દેહ પર પ્રાપ્ત થનારા- આવનારા પ્રારબ્ધજન્ય બધા જ કષ્ટોને આ મુજબ વિચારીને જ સહન કરી લેવા જોઈએ કે આ દુઃખરૂપ ભોગ પણ ભગવાને જ કૃપા કરીને આપ્યો છે અને આ દુઃખોના ભોગ વડે પ્રારબ્ધ ક્ષીણ થયા પછીથી ભગવાન્ અવશ્ય મળશે જ, આ પ્રકારે ધૈર્યપૂર્વક દુઃખો સહન કરવા.

ભક્તિની સિદ્ધદશાવાળા ભક્તોએ પણ આધિદૈવિક દુઃખ સહન કરવાનો ઉપાય આ મુજબ વિચારવો, ભગવાન જ્યારે પોતાને સમ્પૂર્ણ સમર્પિત થઈ ગયેલા એવા ભક્તોની પરીક્ષાને અર્થે સ્વપ્રાપ્તિમાં વિલમ્બ કરે છે ત્યારે પ્રેમીભક્તોનાં હૃદયમાં દુઃખનું પરિમાણ અપાર અને અસહ્ય બની જાય છે, ત્યારે એ દુઃખને રાસલીલામાં ભગવાનનાં આવાહનને લઈ રાસમાં પધારેલી ગોપિકાઓને પોતાની સમક્ષ-સમીપ ઊભેલા જોઈ ‘તમે વ્રજમાં પાછા જાઓ’ એમ ભગવાન દ્વારા કહેવાતાં પોતાના - ગોપિકાઓનાં હૃદયમાં ઉત્પન્ન થયેલા અપાર દુઃખને તેમણે જે પ્રકારે સહ્યું તે પ્રકારના ભાવોનું જ ભાવન કરી આધિદૈવિક દુઃખો સહન કરવા જોઈએ. શ્રીપ્રભુના રાસમાં જેમનો અધિકાર શ્રીપ્રભુએ નિશ્ચય કર્યો છે એવા શ્રીગોપીજનો શ્રીકૃષ્ણના વેણુનાદ દ્વારા આવાહન કરાતાં વ્રજ છોડી પોતાનું ઘર, પોતાની ગૃહસ્થી છોડી શ્રીકૃષ્ણ જે સ્થળે હતા ત્યાં વૃંદાવનમાં પહોંચી ગયા. એમના આગમનનું સ્વાગત કરતાં કુશલ પ્રશ્ન કર્યા પછીથી એમના આગમનનું ભગવાને પ્રયોજન પૂછ્યું અને પુનઃ ઘરે ચાલ્યા જવા માટે જણાવ્યું. શ્રીકૃષ્ણે જ્યારે એમને - ગોપિકાઓને વનમાં રોકાવાની ના પાડી ત્યારે તે ગોપીઓને પ્રભુના નિષેધ વાક્ય સાંભળી અતિશય દુઃખ થયું, એમની સકલ ઈન્દ્રિયો એટલી બધી વ્યાકુલ બની ગઈ કે તેઓ સ્થાણુની માફક સ્થિર બની રહી ઊભા રહી ગયાં અને ધૈર્યનું અવલમ્બન કરી દુઃખ સહન કરતા રહ્યા કિન્તુ ઋષિપત્નીઓની માફક તેઓ પોતાના ઘરે પાછા નહિં ગયા બલ્કે શરણાગતિપૂર્વક, નિરુપધિસ્નેહથી ભગવાનની પ્રત્યેક વાતોનો ઉત્તર વાળતાં, ભગવાન ફળ આપશે જ, એવો નિશ્ચય સમજી ફલપ્રાપ્તિ પર્યન્ત તેઓ દુઃખ સહન કરતાં રહ્યાં.

આજ પ્રકારે ભગવાન જ્યારે ક્યારેય પણ ભગવન્મિલનની અત્યન્ત ઉત્કંઠાવાળા જીવની પરીક્ષા હેતુ પોતાના મિલનમાં વિલમ્બ કરતા હોય તે વખતે વિલમ્બનું દુઃખ એવા વિચારે જ સહન કરવું કે ભગવાન અત્યારે નહિં તો આગળ ક્યારેક અવશ્ય ફલદાન કરશે જ અને આમ વિચારી પોતે પ્રેમમાર્ગમાં - ભક્તિમાર્ગમાં ટકી રહેવું જોઈએ. યદિ ભક્તિમાર્ગથી પ્રેમીભક્ત (એમ વિચારીને કે આ માર્ગમાં તો આપણો અધિકાર જ નથી, કારણ કે આટલા પ્રયત્નો છતાં પણ ભગવન્મિલન થઈ નથી રહ્યું, અતઃ ભગવાન જ ફલમાં ઘાત કરી રહ્યા છે, તેથી આ માર્ગ છોડી જે માર્ગે અધિકાર હોય તે માર્ગનો જ આશ્રય કરવો એમ વિચારી ભક્તિમાર્ગથી-) વિમુખ થઈ જશે ત્યારે તે ફલપ્રાપ્તિની સંભાવનાયે મટી જશે. આ પ્રકારે આધિદૈવિક દુઃખોને સહન કરવામાં ગોપીઓના ભાવનું સ્મરણ કરતાં ભાવના કરવી જોઈએ. ઉપર કહેલા ત્રણે પ્રકારના દૃષ્ટાન્તોથી ઉત્પન્ન થનારી વિચારધારાનું જીવનમાં દૃઢતાથી અનુસરણ કરાતાં કાયિકી, માનસિકી અને વાચનિકી એમ ત્રણે પ્રકારની શરણાગતિ સિદ્ધ થાય છે.

ભગવાનની સેવા જ જેનાં જીવનમાં ઉદ્દેશ્ય છે, અથવા જે લોકો સેવાને કેન્દ્રમાં રાખી જીવન વ્યતીત કરે છે, એવા લોકો જ્યારે સર્વ પ્રકારનાં ભૌતિક દેહ સમ્બન્ધી કષ્ટોને સહન કરે છે, ત્યારે એ પ્રકારની શરણાગતિને કાયિકી શરણાગતિ કહેવાય છે. જ્યારે મનુષ્ય સેવામાર્ગમાં પ્રવૃત્ત રહીને ઈન્દ્રિય સમ્બન્ધી દુઃખોને સહન કરે છે ત્યારે મન ભગવાનમાં નિષ્ઠાવાળું બને છે જેથી મનુષ્ય માનસિકી શરણાગતિને પ્રાપ્ત કરે છે. ભગવાનના સંયોગમાં વિલમ્બ થવો એ ભગવાનના પ્રેમીજનો માટે ઘણું જ મોટું દુઃખ હોય છે, આ વિલમ્બનું દુઃખ વિરહાત્મક હોય છે અને સ્વાભાવિક છે કે જેનો વિરહ હોય છે એનું સતત સ્મરણ બન્યું રહે છે અને તે સ્મરણવશ વાણી એનું જ ગુણગાન ગાયા જ કરે છે અને એની જ ચર્ચા-વાતોમાં વ્યસ્ત બની રહે છે. આ પ્રકારે ભગવન્નિષ્ઠ બનેલી વાચા વાચનિકી શરણાગતિને પ્રાપ્ત થાય છે, અથવા વાણીની આ ભગવન્નિષ્ઠાને વાચનિકી શરણાગતિ કહેવાય છે. આ પ્રકારે ત્રણ દૃષ્ટાન્તો દ્વારા ત્રણ પ્રકારની પ્રપત્તિનું નિરૂપણ સમાપ્ત થયું અને આની સાથે શ્રીવલ્લભાચાર્યજી નિર્દિષ્ટ પુષ્ટિમાર્ગીય ધૈર્યનું પણ નિરૂપણ સમાપ્ત થયું.

* * *